**ગુજરાત સરકાર**

**સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા– ધ્રાંગધ્રા ખાતે**

**પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરની માનદ સેવાઓ આમંત્રિત કરવા અંગે**

રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળની રાજ્યની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ધ્રાંગધ્રા ખાતે ગારમેન્ટ, કોમ્પ્યુટર, ઓટોમોબાઇલ, મિકેનીકલ, ઈલેક્ટ્રીકલ, ઈલેક્ટ્રોનિક્સ મીકેનીક, કેમિકલ, મેથ્સ/ડ્રોઈંગ વ્યવસાય તથા મોટર ડ્રાઈવીંગ સ્કુલ માં સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરની નિયમિત જગ્યાઓ ન ભરાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થાના રૂપે પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર (મુલાકાતી સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર) ની માનદ સેવાઓ માટે રસ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. કલાક દીઠ રૂ.૯૦/– લેખે મહત્તમ દૈનિક પીરીયડ ૬ કલાક લેખે મહત્તમ દૈનિક માનદ વેતન રૂ. ૫૪૦/– ના દરે માસિક રૂ. ૧૪૦૪૦/– થી વધુ નહી તે રીતે માનદ વેતન ચુકવવામાં આવશે. અરજી કરતાં સમયે ધ્યાને લેવાની સુચનાઓ, અરજીપત્રક, તેમજ લાયકાત તથા અનુભવની વિગતો સંસ્થાની વેબસાઈટ http://itidhrangdhra.org/download પરથી મળી રહેશે. લાયકાતના ધોરણો NCVT/GCVT દ્વારા નિયત થયેલ જે તે ટ્રેડના સિલેબસ મુજબ તથા ખાતાના પ્રવર્તમાન ભરતી નિયમો મુજબ રહેશે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચે દર્શાવેલ સરનામે આ સંસ્થા ખાતે રજી.એડી/રૂબરૂ અરજી કરવી. CITS પાસ ઉમેદવારોને મેરીટમાં પ્રાધાન્ય આપવામાં આવશે. આ સંપૂર્ણ પ્રક્રિયા મેરીટ આધારિત રહેશે. પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર તરીકે આવનાર ઉમેદવારોનો કોઈ અન્ય સેવા વિષયક હકદાવો રહેશે નહીં તે મુજબનું લેખિતમાં એફીડેવિટથી બાહેંધરી પત્ર આપવાનું રહેશે. પસંદગી અંગેની સર્વે સતા સંસ્થાના વડાને આધીન રહેશે. ન્યાયક્ષેત્ર ધ્રાંગધ્રા રહેશે. રૂબરૂ મુલાકાત માટે સંસ્થા તરફથી ઉમેદવારનો સંપર્ક કરવામાં આવશે.

૧) અરજી આપવાની છેલ્લી તારીખ: ૧૩/૦૮/૨૦૨૦.

૨) સંસ્થાનું સરનામું: ઔદ્યોગિક તાલીમ સંસ્થા–ધ્રાંગધ્રા, તાલુકા સેવા સદન પાસે, હળવદ રોડ, ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર–૩૬૩૩૧૦.

કૌશલ્ય દ્વારા ઔદ્યોગિક ક્રાંતિ

આચાર્ય, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ધ્રાંગધ્રા